વાલોડમાં છેલ્લા ત્રણ દિવસથી કૂતરાં અને ભૂંડનાં મોત, છતાં

## તપાસના ડરે હવે મજૂરો મરેલાં પશુ ઊંચકવા પણ તૈયાર નથી!

**અગાઉના** મજૂરોના સોગંદનામા અને જવાબો લેવાતાં વાલોડમાં સફાઈકામ ઠપ થઈ ગયું



વાલોડ: વાલોડ ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ વિજયાબેન નાઈકને કૂતરાના મોતના નિકાલના બિલ મુદ્દે રાજકીય કિન્નાખોરી રાખી ડીડીઓ દ્વારા સસ્પેન્ડ કરાયાં હતાં.

સરપંચ પદનો વહીવટ અપૂર્વ વ્યાસને સોંપાયા બાદ પંચાયતની ઢીલી નીતિ સામે સ્થાનિકો અને આદિવાસી સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી વાલોડના બિરસા મુંડા સર્કલથી બુટવાડા માર્ગ પર સાઈ રેસિડન્સી સામે કૂતરું અને ડુક્કર મરી ગયા હોવા છતાં પંચાયત દ્વારા તેનો યોગ્ય નિકાલ કરાયો નથી.

અગાઉ વિજયાબેન સ્વખર્ચે ત્વરિત નિકાલ કરાવતાં હતાં, જ્યારે વર્તમાન વહીવટદારો આનાકાની કરી રહ્યા છે. તપાસ સમિતિએ અગાઉ કામ કરનાર મજૂરોનાં સોગંદનામા અને જવાબો લેતાં હવે કોઈ મજૂર આ કામ કરવા તૈયાર નથી. સસ્પેન્ડેડ સરપંચે તલાટીને નિયમ મુજબ પશુ તબીબને જાણ કરી ડીડીઓની સૂચવેલી પ્રક્રિયા પૂર્ણ કરી નિકાલ કરવા જણાવ્યું હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. મૃત પશુઓ કોહવાઈ જતાં વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. જો પંચાયત ત્વરિત નિકાલ નહીં કરે તો રોગચાળો ફાટી નીકળવાની ભીતિ વચ્ચે ગ્રામજનો પંચાયત કચેરીએ મોરચો માંડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

## અસ્તાન સીટની 24મીએ ચૂંટણી, 3 ઉમેદવાર મેદાને

**કોંગ્રેસના** ઉમેદવારનું અવસાન થતાં ચૂંટણી પ્રક્રિયા રદ થઈ હતી

બારડોલી: બારડોલી તાલુકા પંચાયતની અસ્તાન બેઠકના કોંગ્રેસી ઉમેદવારનું ચૂંટણી પૂર્વે અવસાન થતાં હવે નવેસરથી 24મી મેના રોજ ચૂંટણી યોજાશે. આ માટે ઉમેવારીપત્રો ભરવાની તેમજ પરત ખેંચવા સહિતની પ્રક્રિયા પૂર્ણ થઈ જતાં રાજકીય પક્ષો દ્વારા પ્રચાર અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે. આ બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો મેદાનમાં છે.

બારડોલી તાલુકા પંચાયતની અસ્તાન બેઠકના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ધર્મેશભાઈ રાઠોડનું મતદાન પૂર્વે ટૂંકી માંદગીના કારણે અવસાન થયું હતું. આથી ચૂંટણી અધિકારી દ્વારા આ બેઠકની ચૂંટણી પ્રક્રિયા રદ કરી દેવામાં આવી હતી. દરમિયાન સામાન્ય ચૂંટણી પૂર્ણ થયા બાદ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નવેસરથી અસ્તાન બેઠક માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં ભાજપમાંથી નીલકંઠ કાંતિલાલ રાઠોડ, કોંગ્રેસમાંથી નૈલેશકુમાર ઈશ્વરભાઈ ચૌધરી અને આમ આદમી પાર્ટીમાંથી દિનેશભાઈ રતનજીભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. ભારતીય જનતા પાર્ટીએ તમામ 21 બેઠકો કબજે કરી લીધી હોય આ એક માત્ર બેઠક બિનહરીફ થાય તે માટેના અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા. જો કે, સામેના ઉમેદવારો મક્કમ રહેતા આગામી 24મીના રોજ મતદાન યોજાશે. આ બેઠક માટે 3123 પુરુષ અને 3162 મહિલા મતદારો મળી કુલ 6285 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. રાજકીય પક્ષો દ્વારા અસ્તાન બેઠકમાં આવતાં ગામડાંમાં પ્રચાર અભિયાન તેજ કરાયું છે. બારડોલી તાલુકા વિકાસ અધિકારી અને ચૂંટણી અધિકારી મહેશ શિરોયાની દેખરેખમાં ચૂંટણી પ્રક્રિયા યોજાઈ રહી છે.

## કડોદરામાં ટેન્કરોમાંથી પેટ્રોલ ડીઝલની ચોરી, ત્રણ ઝડપાયા

**ટેન્કરમાંથી** ઈંધણ ખાલી કરતાં સમયે એલસીબીની કાર્યવાહી, 33 હજારની મતા કબજે

પલસાણા: સુરત જિલ્લામાં પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે પાર્કિંગના માલિક દ્વારા પેટ્રોલ ડીઝલના ટેન્કર ચાલકો સાથે મળી પેટ્રોલ-ડીઝલની ચોરીના નેટવર્કનો સુરત જિલ્લા એલસીબી દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે.

હાલમાં દેશભરમાં પેટ્રોલ-ડીઝલની અછત ચાલી રહી છે ત્યારે માગને પહોંચી વળવા માટે સપ્લાય દરમિયાન પેટ્રોલ-ડીઝલની ચોરીની ગેરકાયદે પ્રવૃતિ શોધી સુરત જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લો સ્કવોડ પોલીસ દ્વારા પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન બાતમી મળી હતી કે કડોદરાના હરિઓમ પાર્કિંગના માલિક નરેન્દ્રકુમાર બઘેલ તેના મળતીયાઓ સાથે હાઈવે પર ચાલતા પેટ્રોલ અને ડીઝલના ટેન્કરના ચાલકોનો સંપર્ક કરી પોતાના પાર્કિંગમાં લાવી તેમાંથી પેટ્રોલ-ડીઝલની ચોરી કરવાનું નેટવર્ક ચલાવે છે અને હાલમાં આ ટેન્કરમાંથી પેટ્રોલ-ડીઝલની ચોરી કરવાની પ્રવૃત્તિ ચાલુ છે. જે બાતમીના આધારે પોલીસે દરોડા પાડી પાર્કિંગમાં ચાલતી ટેન્કરમાંથી પેટ્રોલ-ડીઝલ ચોરી કરવાની પ્રવૃત્તિ સાથે ત્રણ આરોપીને ઝડપી પડ્યા હતા. પકડાયેલા ત્રણ આરોપીમાં પાર્કિંગનો માલિક નરેન્દ્રકુમાર મહેશપ્રસાદસિંહ બઘેલ (ઉં.વ.40, રહે., સાઈ પૂજન રેસિડેન્સી, લિંબાયત સુરત, મૂળ રહે., ભાગલપુર, બિહાર), ટેન્કરનો ચાલક સૂજીતકુમાર શ્રીઝગડુપ્રસાદ યાદવ (ઉં.વ.28, રહે., નક્ષત્ર ટાઉનશીપ, ડિંડોલી, સુરત, મૂળ રહે., જૌનપુર ઉત્તરપ્રદેશ) અને સાગરીત મનોજ મોતીલાલ સેવક (ઉં.વ.40, રહે., હરિઓમ પાર્કિંગમાં, કડોદરા, મૂળ રહે., બંસવાડા, સુરત)નો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી દસ લિટર પેટ્રોલ કિંમત રૂ. 970, ભેગું કરેલું પેટ્રોલ 100 લિટર કિંમત રૂ. 9700, ભેગું કરેલું ડીઝલ 105 લિટર કિંમત રૂ.9765, બે મોબાઇલ ફોન કિંમત રૂ. 10 હજાર અને રોકડા રૂ. 2100 સહિત કુલ 33,735 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દરમ્યાન પોલીસ દ્વારા જે ટેન્કરમાંથી પેટ્રોલની ચોરી થઈ રહી હતી તે ટેન્કરનો કબજો ઈંડિયન ઓઇલ કોર્પોરેશનને પરત આપવામાં આવ્યો હતો. જેમાં 28 હજાર 200 લિટર જેટલો પેટ્રોલનો જથ્થો હતો.

## યુવતી સાથે બે પડોશીએ વાત કરતાં મારામારી

**ભરૂચમાં** બહેન સાથે વાત કરવા બાબતે યુવક પર હુમલો

ભરૂચ: ભરૂચ નન્નુમીયા ઝૂંપડપટ્ટીમાં રહેતા 21 વર્ષીય અજયભાઈ વસાવાએ ભરૂચ બી ડિવિઝનમાં FIRમાં વિગત જણાવી છે કે, તા.14 મેની સાંજે તેમની બહેન જયશ્રી લીમડી ચોક ખાતે લગ્નપ્રસંગમાં વાસણ ધોવા ગયા બાદ પરત ફરતી હતી. ત્યારે પડોશમાં રહેતા દેવ વસાવા અને પવન વસાવાએ તેમની બહેન સાથે વાતચીત કરી હતી. આ બાબતે તેઓએ કહ્યું કે, શા માટે મારી બહેન સાથે વાતચીત કરો છો એમ સામાન્ય વાતચીતે ગંભીર રૂપ ધારણ કર્યું હતું.

બાદ રાત્રે લગભગ 8:30 કલાકે દેવ વસાવાએ તેઓને ફોન કરી બોલાવ્યો અને ઘર સામે જ ઊભા રહેલા અજય વસાવા પર લાકડીના સપાટા વડે માથાના મધ્ય ભાગે અને પંચ વડે કપાળ અને જમણી આંખની ભ્રમર ઉપર હુમલો કર્યો હતો. હુમલામાં તેઓને ચક્કર આવ્યા હતા અને લોહી નીકળ્યું હતું. બંને આરોપીએ અશ્લીલ ગાળો પણ આપી હતી. બંને જણાએ હુમલા દરમિયાન અજય વસાવાની મોટરસાઈકલ પર સિગ્નલ લાઈટ અને ક્લચને પણ નુકસાન પહોંચાડ્યું હતું. ઈજાગ્રસ્ત ફરિયાદીને તેમના માતા-પિતા દ્વારા ભરૂચ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સિટી સ્કેન બાદ વધુ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્ત અજય વસાવાએ ભરૂચ બી ડિવિઝનમાં દેવ વસાવા અને પવન વસાવા વિરુદ્ધ મારામારી, ગાળો, ઈજા પહોંચાડવા અને વાહનને નુકસાન કરવા બદલ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.


ગુજરાત સરકાર
ગ્રામ વિકાસ વિભાગ (ડી.આર.ડી.એ.)
તાલુકા પંચાયત, મનરેગા શાખા- વાલોડ, જીલ્લો-તાપી
ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧, સને:- ૨૦૨૬ -૨૭

કામની વિગત:- વાલોડ તાલુકા મનરેગા હેઠળ વિવિધ ગ્રામ પંચાયત/ગ્રામવિસ્તારમાં કામના સ્થળ સુધી વર્ષ:- ૨૦૨૬ -૨૭ .માટે માલસામાન-ટેન્ડરની શરતો મુજબ પૂરો પાડવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ કામ માટે રસ ધરાવતી એજન્સી/સંસ્થાઓ/સપ્લાયર્સ પાસે ઈ- ટેન્ડર દ્વારા ભાવો મંગાવામાં આવે છે.

| | |
|---|---|
| ઓનલાઈન બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવાની તારીખ અને સમય:- | તા.:-૧૮/૦૫/૨૦૨૬,૧૦:૦૦ AM કલાકથી |
| ઓનલાઈન બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ અને સમય:- | તા.:-૦૮/૦૬/૨૦૨૬, ૦૬:૦૦ PM સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો કચેરીમાં મોકલવાની તારીખ અને સમય:- (માત્ર સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર એ.ડી.) | તા.:-૦૯/૦૬/૨૦૨૬ થી તા.:-૧૫/૦૬/૨૦૨૬ ૦૬:૦૦ PM કલાક સુધી. |
| ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:- | તા.:-૧૭/૦૬/૨૦૨૬ ૧૨: ૦૦ PM કલાક |
| કચેરીનું સરનામું:- મનરેગા શાખા, તાલુકા પંચાયત કચેરી, વાલોડ, વાલોડ -૩૯૪૬૪૦ | |
| વધુ જાણકારી માટે ઉપરોક્ત કચેરી તથા વેબસાઈટ www.nprocure.comનો સંપર્ક કરવાં વિનંતી છે. | |

તારીખ:-૧૫/૦૫/૨૦૨૬
સ્થળ:- વાલોડ
ક્રમાંક. માહિતી-સૂરત/૧૩૭/૨૦૨૬

તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત વાલોડ

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૧૧.૦૨.૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. મનોજ સદાશીવ કામલે ૨. સરલાબેન મનોજભાઈ કામલે** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૯,૧૩,૨૭૮.૦૨/- (અંકે રૂપિયા નવ લાખ તેર હજાર બસો ઈઠ્ઠોતેર અને બે પૈસા પુરા) તા.૧૦.૦૨.૨૦૨૬** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૪ મે ૨૦૨૬** ના રોજ આ કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૯,૧૩,૨૭૮.૦૨/- (અંકે રૂપિયા નવ લાખ તેર હજાર બસો ઈઠ્ઠોતેર અને બે પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'વી.કે પાર્ક'નો પ્લોટ નં. ૪૯૨ માપ ૩.૬૬ ×૧૨ ફુટ અને ૧૦.૯૮ × ૩૬.૦૨ ચો.ફુટ, કુલ માપ ૪૦.૧૯ ચો.મી, કોમન પ્લોટ નં.૧, પ્લોટ નં. ૫૨૮ પૈકી ૧.૪૫૪૮ ચો.મી અને કોમન પ્લોટ નં.૨, પ્લોટ નં.૫૨૯ પૈકી ૨.૧૧૧૬ ચો.મી અને કોમન પ્લોટ નં. ૩, પ્લોટ નં. ૫૩૦ પૈકી ૦.૮૯૪૯ ચો.મી અને કોમન પ્લોટ નં.૪,પ્લોટ નં.૫૩૧ પૈકી ૦.૯૨૫૩ ચો.મી અને કોમન પ્લોટ નં. ૫, પ્લોટ નં. ૫૩૨ પૈકી ૧.૦૭૮૫ ચો.મી અને કોમન પ્લોટ નં. ૬, પ્લોટ નં. ૫૩૩ પૈકી ૦.૯૪૦૬ ચો.મી અને કોમન પ્લોટ નં. ૭, પ્લોટ નં. ૫૩૪ પૈકી ૧.૨૦૮૬ ચો.મી અને પ્લોટ નં. ૫૩૫ સાથે ૨૫.૯૧૪૪ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૨૮૪, ૨૮૫ અને ૨૮૬, બ્લોક નં. ૨૧૦, મોજે તાતીથૈયા, તા. પલસાણા, જી.સુરત, ગુજરાત -૩૯૪૩૦૫ ખાતે આવેલ છે. જેની ચતુર્થદિશા **પુર્વે :** ૯.૦ મી. રોડ **પશ્ચિમે :** પ્લોટ નં. ૪૮૩, **ઉત્તરે :** પ્લોટ નં. ૪૯૩, **દક્ષિણ :** પ્લોટ નં. ૪૯૧ આવેલ છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,
આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી

તારીખ : ૧૪.૦૫.૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૩૫૫૧૭૯૨૫, ૩૬૩૬૫૭૮૫ અને ૩૯૫૪૫૭૦૦



